# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-01-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

***************************************************

1) જમ્મુ અને કાશ્મીર સહિતની રેલ યોજનાઓનું ઉદ્ઘાટન કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે  દેશમાં ટૂંક સમયમાં બુલેટ ટ્રેન દોડશે
2) છત્તીસગઢમાં માઓવાદીઓ હુમલામાં આઠ જવાન સહિત નવના મોત - રાષ્ટ્રપતિએ દુઃખ વ્યક્ત કર્યું
3) છત્તીસગઢના માઓવાદીઓના હુમલા બાદ કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે માર્ચ 2026 સુધીમાં નકસલવાદને નેસ્તનાબૂદ કરી દેવાશે
4) કર્ણાટકમા બે અને ગુજરાતમાં એક હ્યુમન મેટાપ્ન્યુમોના વાયરસના ત્રણ કેસ નોંધાયા - આરોગ્ય મંત્રાલયે લોકોને તકેદારી રાખવા અપીલ કરી
5) આર્યલેન્ડ સામેની ત્રણ મેચોની શ્રેણી માટે સ્મૃતિ મંધાનાના સુકાની પદ હેઠળની ભારતીય મહિલા ટીમની જાહેરાત

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## EVE PM - RAILWAY PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે હવે તે સમય દૂર નથી જ્યારે દેશમાં ટૂંક સમયમાં બુલેટ ટ્રેન દોડશે. આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જમ્મુ અને કાશ્મીર, તેલંગાણા અને ઓડિશામાં મુખ્ય રેલવે પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કરતાં તેમણે કહ્યું હતું કે પ્રદેશમાં કનેક્ટિવિટીને વધુ પ્રોત્સાહન આપવાની સરકારની પ્રાથમિકતા છે.

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

શ્રી મોદીએ  તેલંગાણામાં ચારલાપલ્લી નવા ટર્મિનલ સ્ટેશનનું ઉદ્ઘાટન પણ કર્યું અને પૂર્વ કોસ્ટ રેલવેના રાયગડા રેલવે ડિવિઝન બિલ્ડિંગનો શિલાન્યાસ કર્યો હતો..  આ પ્રસંગે બોલતા પ્રધાનમંત્રીએ કહ્યું કે રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ લોન્ચ કરવાથી પ્રવાસનને પ્રોત્સાહન મળશે અને આ પ્રદેશોમાં સામાજિક-આર્થિક વિકાસમાં વધારો થશે. શ્રી મોદીએ ઉમેર્યું હતું કે દેશ વિકસિત ભારતના સંકલ્પને હાંસલ કરવામાં વ્યસ્ત છે અને આ માટે ભારતીય રેલ્વેનો વિકાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

શ્રી મોદીએ કહ્યું કે, સરકાર ભારતમાં રેલવેના વિકાસને ચાર માપદંડો પર આગળ લઈ રહી છે. રેલ્વે ઇન્ફ્રાસ્ટ્રકચરનું આધુનિકીકરણ, રેલ્વે મુસાફરો માટે આધુનિક સુવિધાઓ, દેશના દરેક ખૂણે રેલ્વે કનેક્ટિવિટી અને રેલ્વે રોજગાર અને સહાયક ઉદ્યોગોનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . .

## REV. CHHATTISGARH-KILLED

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળના એક વાહનને માઓવાદીઓએ આજે વિસ્ફોટકોથી ઉડાવી દીધું હતું, જેમાં આઠ જવાન અને ડ્રાઇવરના મોત થયા હતા. આ ઘટના બસ્તર ડિવિઝનના કુટરુ પોલીસ સ્ટેશન હેઠળના અંબેલી પાસે ઘટી હતી. દંતેવાડાથી ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ- DRGના લગભગ 9 જવાન વાહનમાં સવાર હતા અને સંયુક્ત ઓપરેશન કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે માઓવાદીઓએ આ હુમલો કર્યો હતો.

ઘટના બાદ એક જવાન ગુમ છે. વિસ્ફોટ કર્યા બાદ માઓવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હોવાની માહિતી દંડેવાડાના ડીઆઇજી કમલોચન કશ્યપે આપી હતી.

(બાઇટ- કમલોચન કશ્યપ, ડીઆઇજી દંતેવાડા)

. . . . . . . . . . . . . . . .

## AMIT SHAH ON IED BLAST

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ છત્તીસગઢના બીજાપુરમાં IED બ્લાસ્ટમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ, DRG સૈનિકો પર થયેલા હુમલાની નિંદા કરી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ બહાદુર સૈનિકોના શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. શ્રીમતી મુર્મુએ ઉમેર્યું હતું કે દેશ નક્સલવાદને સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે પ્રતિબદ્ધ છે. જ્યારે

ગૃહમંત્રી અમિત શાહે છત્તીસગઢમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ જવાનોના મોત પર દુઃખ વ્યક્ત કર્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટ પર, શ્રી શાહે સુરક્ષા કર્મચારીઓના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. તેમણે ખાતરી આપી હતી કે જવાનોનું બલિદાન વ્યર્થ નહીં જાય અને માર્ચ 2026 સુધીમાં ભારતમાંથી નક્સલવાદને જડમૂળથી ખતમ કરી દેવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .

## HMVP CASES IN KARNATAKA

હ્યુમન મેટાપ્ન્યુમોના વાયરસ, HMPVના બે કેસ કર્ણાટકમાં અને એક કેસ ગુજરાતમાં નોંધાયા છે.

ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ, ICMRએ કર્ણાટકના બંને કેસની ઓળખ નવા શ્વસન વાયરલ સંબંધી બિમારીઓના છે. HMPV ભારત સહિત વિશ્વભરમાં પહેલેથી જ પ્રચલનમાં છે, અને HMPV-સંબંધિત શ્વસન રોગોના કેસો ઘણા દેશોમાં નોંધાયા છે.

વધુમાં ICMR અને ઈન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામ નેટવર્કના હાલના ડેટાના આધારે, દેશમાં ઈન્ફલ્યુએન્ઝા જેવી બીમારી અથવા ગંભીર તીવ્ર શ્વાસોચ્છવાસની બીમારીના કેસોમાં કોઈ અસામાન્ય વધારો થયો નથી. કર્ણાટકમાંથી જે કેસ મળી આવેલા છે તેમાં 3 મહિનાની એક બાળકી છે, જેને સારવાર બાદ રજા અપાઇ છે અને 8 મહિનાનું એક બાળક છે. અસરગ્રસ્ત દર્દીઓમાંથી કોઈ પણનો આંતરરાષ્ટ્રીય પ્રવાસનો કોઈ ઇતિહાસ નથી.

દરમિયાન ગુજરાતમાં મેટાપ્યુમો વાઈરસ HMPV નો એક પોઝિટીવ કેસ નોંધાયો છે. રાજસ્થાનનાં ડુંગરપુરથી સારવાર માટે અમદાવાદ આવેલા બે મહિનાનાં બાળકનું HMPV સેમ્પલ પોઝીટીવ આવ્યું છે. હાલ આ બાળક સારવાર હેઠળ છે. તેની સ્થિતિ સંપૂર્ણપણે સ્થિર હોવાનું રાજ્ય સરકારનાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે.

. . . . . . . . . . . . . . . .

## EVE JAISHANKAR-SULIVAN

વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકર અને યુએસના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાન વચ્ચે આજે નવી દિલ્હીમાં બેઠક યોજાઇ હતી.. આ બેઠક દરમિયાન દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક સહયોગને વધુ ગાઢ બનાવવા પર ચર્ચા થઇ હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે કહ્યું કે, તેમણે ભારત-યુએસ ભાગીદારી ગાઢ અને મજબૂત બનાવવા માટે જેક સુલિવાનના યોગદાનની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ પણ નવી દિલ્હીમાં તેમના અમેરિકી સમકક્ષ જેક સુલિવાનને મળ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ

સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

. . . . . . . . . . . . . . .

## GADKARI-'SURAKSHA RELOADED' EVENT

કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ વિદ્યાર્થીઓને માત્ર પોતાના માટે જ નહીં પરંતુ અન્ય લોકો માટે ટ્રાફિક નિયમોનું પાલન કરવા વિનંતી કરી છે.

મુંબઈમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ દ્વારા માર્ગ સલામતી અભિયાન 2025 ની ‘સુરક્ષા રીલોડેડ’ કાર્યક્રમને સંબોધતા, શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે પાછલા વર્ષોમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં ચિંતાજનક વધારો થયો છે. સત્તાવાર આંકડા જાહેર કરતાં તેમણે કહ્યું હતું કે 10,000 લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જો બાળકો નિયમોનું પાલન કરવાની પ્રતિજ્ઞા લેશે, તો તેઓ પોતે અને અન્યને પણ સુરક્ષિત રાખશે.

. . . . . . . . . . . . . . .

## BCCI - WOMENS CRICKET

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ, BCCI એ આયર્લેન્ડ સામે ભારતની આગામી ત્રણ મેચની ODI શ્રેણી માટે 15 સભ્યોની ટીમની જાહેરાત કરી

છે. હરમન પ્રીતની ગેરહાજરીમાં સ્મૃતિ મંધાના બ્લુ ઈન બ્લુ ટીમનું નેતૃત્વ કરશે, જ્યારે દીપ્તિ શર્મા ઉપ-કેપ્ટન તરીકે સેવા આપશે. રિચા ઘોષ અને ઉમા ચેત્રી વિકેટ કીપર તરીકે રહેશે. કેપ્ટન હરમનપ્રીત કૌર અને ઝડપી બોલર રેણુકા સિંહ ઠાકુરને શ્રેણી માટે આરામ આપવામાં આવ્યો છે. ટીમના અન્ય સભ્યોમાં પ્રતિકા રાવલ, હરલીન દેઓલ, જેમિમાહ રોડ્રિગ્સ, તેજલ હસબનીસ, રાઘવી બિસ્ત, મિન્નુ મણિ, પ્રિયા મિશ્રા, તનુજા કંવર, તિતાસ સાધુ, સાયમા ઠાકોર અને સયાલી સાતઘરેનો સમાવેશ કરાયો છે.

એક દિવસીય શ્રેણી 10 જાન્યુઆરીથી શરૂ થશે, બીજી મેચ 12 અને છેલ્લી મેચ 15 જાન્યુઆરીએ રમાશે. તમામ મેચો  રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં રમાશે.

. . . . . . . . . . . . . . . .

## HC - UNION CARBIDE WASTE

મધ્યપ્રદેશ હાઈકોર્ટ હવે 18 ફેબ્રુઆરીના રોજ રાજ્યના ધાર જિલ્લાના પીથમપુરમાં યુનિયન કાર્બાઈડના કચરાને બાળવાના કેસની સુનાવણી કરશે.

મધ્યપ્રદેશ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સુરેશ કુમાર કૈત અને ન્યાયાધીશ વિવેક જૈનની ડિવિઝન બેન્ચ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી કરી હતી. સરકારે હાઈકોર્ટ પાસે વધુ 6 અઠવાડિયાનો સમય માંગ્યો હતો, જેને વડી અદાલતે  સ્વીકારી લીધો હતો.  આ અરજી ઈન્દોરના એમજીએમ એલ્યુમની એસોસિએશન દ્વારા કરવામાં આવી હતી.

સરકારે ઈન્દોર અને પીથમપુરના લોકોને વિશ્વાસમાં લીધા વિના એકતરફી પગલું ભર્યું હોવાની અરજદાર દ્વારા રજૂઆત કરવામા આવી હતી.

. . . . . . . . . . . . . . . .